# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 10-10-2023** **Morning : 7.45 to 7.55**
**Day : Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

**************************************************

- કેન્દ્રિય ચૂંટણી પંચે પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે - મતગણતરી ૩જી ડિસેમ્બરે થશે
- કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણ આ જે મોરક્કોના મરાકેચની સત્તાવાર મુલાકાતે જશે.
- સહકારમંત્રી અમિત શાહે કહ્યું છે કે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ સમૃદ્ધિના વિઝનને સાકાર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યું છે.
- સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ ઈટાલી અને ફ્રાન્સની ચાર દિવસીય મુલાકાતે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવીદિલ્હીમાં એશિયન ગેમ્સમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે વાત કરશે.
- વર્લ્ડ કપ ક્રિકેટમાં , આજે ધરમશાળામાં ઇંગ્લેન્ડ- બાંગ્લાદેશ તથા હૈદરાબાદમાં પાકિસ્તાન-શ્રીલંકા વચ્ચે મેચ રમાશે.

**************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY-ECI-DATES

કેન્દ્રિય ચૂંટણી પંચે રાજસ્થાન , મધ્યપ્રદેશ, તેલંગાણા, છત્તીસગઢ અને મિઝોરમમાં વિધાનસભાની ચૂંટણી આગામી સાતમીથી 30મી નવેમ્બર દરમિયાન યોજવાની જાહેરાત કરી છે. પાંચ રાજ્યોની ચૂંટણીની મતગણતરી આગામી ત્રીજી ડિસેમ્બરે હાથ ધરાશે. મુખ્ય ચૂંટણી કમિશ્નર રાજીવ કુમારે ગઈકાલે દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે , છત્તીસગઢમાં પહેલા તબક્કામાં સાતમી નવેમ્બરે અને બીજા તબક્કામાં 17મી નવેમ્બરે મતદાન થશે.

પહેલા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું 13મી ઓક્ટોબરે જ્યારે બીજા તબક્કાની ચૂંટણી માટેનું જાહેરનામું 21મી ઓક્ટોબરે બહાર પડશે. મિઝોરમમાં સાતમી નવેમ્બરે ચૂંટણી યોજાશે. આ માટેનું જાહેરનામું 13મી ઓક્ટોબરે બહાર પડાશે. મધ્યપ્રદેશમાં 17મી નવેમ્બરે ચૂંટણી યોજાશે જેનું જાહેરનામું 21મી ઓક્ટોબરે જ્યારે રાજસ્થાનમાં 23મી નવેમ્બરે ચૂંટણી યોજાશે , જે માટેનું જાહેરનામું 30મી ઓક્ટોબરે બહાર પડશે. આ ઉપરાંત તેલંગાણામાં 30મી નવેમ્બરે ચૂંટણી યોજાશે , જે માટેનું જાહેરનામું 3જી નવેમ્બરે બહાર પડશે.

ચૂંટણી કમિશ્નરે ખાત્રી આપી છે કે, પાંચેય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણી મુક્ત અને ન્યાયી રીતે યોજાય એ બાબત ચૂંટણી પંચ સુનિશ્ચિત કરશે. તેમણે કહ્યું કે , પાંચ રાજ્યોમાં વિધાનસભાની 679 બેઠકો છે. આ પાંચ રાજ્યોમાં 17 હજાર 734 આદર્શ મતદાન મથકો ઉભા કરાશે. દરેક મતદાન મથકે પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવાશે.

વિધાનસભાની ચૂંટણીમાં 16 કરોડ મતદારો મતાધિકાર ધરાવે છે, આ પૈકી 60 લાખ મતદારો પહેલીવાર મતદાન કરશે. ચૂંટણી પંચે પાંચ રાજ્યોની મુલાકાત લઇને ત્યાંના વહીવટીતંત્ર તેમજ કેન્દ્ર અને રાજ્યની એન્ફોર્સમેન્ટ એજન્સીઓના પ્રતિનિધીઓ સાથે ચર્ચા વિચારણા કરી છે.

# SITHARAMAN---MOROCCO.rtf

કેન્દ્રીય નાણા અને કોર્પોરેટ બાબતોના મંત્રી નિર્મલા સીતારમણ આજે થતા મોરક્કોના મરાકેચની સત્તાવાર મુલાકાતે જશે. તે G20 બેઠકો સાથે વિશ્વ બેંક જૂથ અને આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળની વાર્ષિક બેઠકોમાં ભાગ લેશે. વાર્ષિક મીટિંગમાં વિશ્વભરના નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકર્સ ભાગ લેશે. નાણા મંત્રી શ્રીમતી સીતારામન અને આરબીઆઈ ગવર્નર શક્તિકાંત દાસ ચોથી G20 નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠકની સહ-અધ્યક્ષતા કરશે.

શ્રીમતી સીતારામન ઇન્ડોનેશિયા , મોરોક્કો, બ્રાઝિલ, સ્વિટ્ઝર્લેન્ડ, જર્મની અને ફ્રાન્સ સાથે 11 થી 15 ઓક્ટોબર દરમિયાન મરાકેચમાં યોજાનાર દ્વિપક્ષીય બેઠકો પણ કરશે.

# SHAH - COOPERATIVE MOVEMENT

સહકારમંત્રી અમિત શાહે કહ્યું છે કે રાષ્ટ્રીય સહકારી વિકાસ નિગમ (NCDC) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સહકાર સે સમૃદ્ધિના વિઝનને સાકાર કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી રહ્યુ છે.

ગઈકાલે નવી દિલ્હીમાં NCDCની 89મી જનરલ કાઉન્સિલની બેઠકને સંબોધતા શ્રી શાહે જણાવ્યું હતું કે,તેમના મંત્રાલયે દેશમાં સહકારી ચળવળને મજબૂત કરવા માટે ઘણી પહેલ કરી છે. આ પહેલ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને મજબૂત કરવા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરે છે. તેમણે કહ્યું, દેશની 60 કરોડ વસ્તીના આર્થિક વિકાસ માટે સહકારી વિકાસ નિગમ એક માત્ર માધ્યમ છે.

# RAJNATH VISIT

સંરક્ષણમંત્રી રાજનાથ સિંહ ઈટાલી અને ફ્રાન્સની ચાર દિવસીય મુલાકાતે ગયા છે. તેમની બેદેશોની મુલાકાતના પ્રથમ તબક્કા દરમિયાન , સંરક્ષણ મંત્રી રોમમાં ઇટાલિયન સંરક્ષણ પ્રધાન ગિડો ક્રોસેટોને મળવાના છે.

બીજા અને અંતિમ ચરણ દરમિયાન , શ્રી રાજનાથસિંહ પેરિસમાં તેમના સમકક્ષ, ફ્રાન્સના સશસ્ત્ર દળોના મંત્રી શ્રીસેબેસ્ટિયન લેકોર્નુ સાથે પાંચમીમી વાર્ષિક સંરક્ષણ મંત્રણા કરશે. ભારત અને ફ્રાન્સે તાજેતરમાં વ્યૂહાત્મક ભાગીદારીના 25વર્ષની ઉજવણી કરી હતી. બંને દેશો નોંધપાત્ર ઔદ્યોગિક સહયોગ સહિત ઊંડા અને વ્યાપક દ્વિપક્ષીય સંરક્ષણ સંબંધોનો આનંદ માણે છે.

# PM- ATHLETES MEET

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવીદિલ્હીમાં એશિયન ગેમ્સમાં ભાગ લઈ રહેલા ખેલાડીઓ સાથે વાત કરશે. તેઓ ખેલાડીઓને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી એશિયન ગેમ્સમાં અસાધારણ સિદ્ધિઓ અને ભવિષ્યની સ્પર્ધાઓ માટે ખેલાડીઓને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી આકાર્યક્રમનું આયોજન કર્યું છે.

એશિયન ગેમ્સમાં ભારતે 28 સુવર્ણ સહિત કુલ 107 ચંદ્રકોજીત્યા હતા. ચંદ્રકોની કુલ સંખ્યાના સંદર્ભમાં એશિયન ગેમ્સમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. આ અસાધારણ સિદ્ધિ માટે ખેલાડીઓને અભિનંદન આપતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે ખેલાડીઓના પ્રેરણાદાયી પ્રદર્શને ઈતિહાસ રચ્યો અને દેશવાસીઓને ગૌરવ અપાવ્યું છે. એશિયન ગેમ્સમાં ભાગ લેનાર ભારતીય ખેલાડીઓ, તેમના કોચ , ભારતીય ઓલિમ્પિક સંઘના અધિકારીઓ અને રાષ્ટ્રીય રમત મહાસંઘના પ્રતિનિધિઓ આ કાર્યક્રમમાં ભાગ લેશે.

# MANDAVIYA

આયુષ્માનભવ અભિયાન હેઠળ એક મહિના કરતાં પણ ઓછા સમયમાં ત્રણ લાખથી વધુ રક્ત યુનિટ એકત્રિત કરવામાં આવ્યા છે. આ અભિયાન આ મહિનાની 17મી સપ્ટેમ્બરથી 2જી ઓક્ટોબર સુધી સેવા પખવાડા દરમિયાન અમલમાં મૂકવામાં આવ્યું હતું.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં ,આરોગ્ય મંત્રી ડૉ મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, અગાઉ વાર્ષિક ધોરણે માત્ર નવ લાખ રક્ત યુનિટ એકત્રિત કરવામાં આવતા હતા. તેમણે માનવતાની સેવા માટે તમામ રક્તદાતાઓનો આભાર માન્યો.

# Gujarat National Postal Week

ગુજરાતમાં પહેલી ઓક્ટોબર સુધીમાં 5-જી રેડી નેટવર્ક પર સાત હજાર , 600 થી વધુ ગ્રામીણ પોસ્ટ ઓફિસોને નવા ડિજીટલ બેન્કિંગ પ્લેટફોર્મ હેઠળ લાવવામાં આવી છે. આકાશવાણી સાથેની વાતચીતમાં ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર જનરલ નીરજકુમારે જણાવ્યું હતું કે , લગભગ 12 હજાર નાના-મોટા રાજ્યના વેપારીઓને ઝડપી ડિજીટલ પેમેન્ટ સક્ષમ કરવા માટે ઇન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેન્ક UPI સિસ્ટમથી સજ્જ કરવામાં આવ્યા છે.

શ્રી કુમારે જણાવ્યું હતું કે , રાષ્ટ્રીય ટપાલ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે વર્તુળ દ્વારા ઘણી નવી પહેલ શરૂ કરાઈ છે , જેમાં અમદાવાદ , રાજકોટ, વડોદરા એરપોર્ટ પર મુસાફરો માટે વધારાનો સામાન વિદેશ મોકલવા માટે નવી પાર્સલ સુવિધા અને ટૂંક સમયમાં 24 કલાક પાર્સલ બુકિંગ કાઉન્ટરનો સમાવેશ થાય છે. નાગરિકોની સુવિધા માટે પાર્સલ સેવા હેલ્પલાઇન શરૂ કરાશે.

# CRICKET-WC

વર્લ્ડ કપ ક્રિકેટમાં , આજે ધરમશા લામાં ઇંગ્લેન્ડ- બાંગ્લાદેશ તથા હૈદરાબાદમાં પાકિસ્તાન-શ્રીલંકા વ ચ્ચે મેચ રમાશે. દરમિયાન ન્યુઝીલેન્ડે ગઇકાલે હૈદરાબાદમાં ICC મેન્સ વર્લ્ડ કપની લીગ મેચમાં નેધરલેન્ડસને 99 રનથી હરાવ્યું છે. 323 રનના લક્ષ્યાંકને હાંસલ કરવા નેધરલેન્ડસની ટીમ 46.3 ઓવરમાં 223 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. અગાઉ, બેટિંગ કરવા માટે ઉતરેલ ન્યુઝીલેન્ડે નિર્ધારિત 50 ઓવરમાં 7 વિકેટે 322 રન બનાવ્યા હતા.

દરમિયાન, ગઈ કાલે ચેન્નાઈમાં રમાયેલી મેચમાં ભારતે ઓસ્ટ્રેલિયાને છ વિકેટે હરાવ્યું હતું.

# GLOBAL LEADERS-ISRAEL

અમેરિકા, ફ્રાન્સ, જર્મની, બ્રિટન અને ઇટાલીના નેતાઓએ એક સંયુક્ત નિવેદનમાં કહ્યું કે, આતંકવાદી જૂથ હમાસ દ્વારા કરવામાં આવેલા ઇઝરાયેલ પરના હુમલાની કડક શબ્દોમાં નિંદા કરીછે. અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન , ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન , જર્મનીના ચાન્સેલર સ્કોલ્ઝ , ઇટાલીના પ્રધાનમંત્રી જ્યોર્જિયા મેલોની અને બ્રિટનના પ્રધાનમંત્રી ઋષિ સુનક સાથે સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે હમાસના આતંકવાદી કૃત્યોને કોઈનું સમર્થન નથી.

આ નિવેદનમાં હમાસના આતંકવાદીઓ દ્વારા થયેલ 200 થી વધુ યુવાનોની હત્યાની ઘટનાની નિંદા કરી છે તથા આ હુમલામાં મહિલાઓ, બાળકો તથા તેમના પરિવારોને બંધક તરીકે રાખવામાં આવી રહ્યા છે જે નિંદનીય છે. તેઓએ કહ્યું છે કે, તેમના દેશો ઇઝરાયલને સુરક્ષા પ્રદાન કરવામાં મદદ કરશે.

# VICE-ADMIRAL-PENDHARKAR-OPERATION-READINESS

નૌકા બળના ઉપવડા તથા ઈસ્ટર્ન નેવલ કમાન્ડના કમાન્ડિંગ-ઈન-ચીફ , રાજેશ પેંઢારકરે, દરિયામાં ઈસ્ટર્ન ફ્લીટની ઓપરેશનલ તૈયારીની સમીક્ષા કરી છે.

વાઈસ એડમિરલે ઈસ્ટર્ન ફ્લીટના જહાજોની સપાટી , ઉપ-સપાટી, હવા અને હવા વિરોધી કામગીરીનું અવલોકન કર્યું હતું.

કમાન્ડર ઇન ચિફે તમામ પરિમાણોમાં દરિયાઈ જોખમોનો સામનો કરવા માટે પૂર્વીય ફ્લીટની લડાયક તૈયારી પર સંતોષ વ્યક્ત કર્યો હતો.

# AFGHANISTAN QUAKE

અફઘાનિસ્તાનમાં, ભીષણ ભૂકંપથી મૃત્યુઆંક વધીને 2 ,400 થી વધુ થઈ ગયો છે કેટલાક લોકો તૂટી પડેલી ઈમારતો હેઠળ ફસાયેલા હોવાના અહેવાલો વચ્ચે શોધ અને બચાવ પ્રયાસો ચાલુ છે.

આ બે દાયકામાં દેશમાં આવેલા સૌથી ભયંકર ભૂકંપ પૈકીનો એક હતો. 6.3ની તીવ્રતાનો ભૂકંપ શનિવારે પશ્ચિમી શહેર હેરાતથી લગભગ 40 કિમી દૂર આવ્યો હતો. ઘણી ઇમારતોને નુકસાન થયું હતું, લોકો કાટમાળ નીચે ફસાયા હતા.

# MYANMAR-FLOOD.rtf

મ્યાનમારના દક્ષિણી વિસ્તારોમાં ભારે ચોમાસાના વરસાદથી સર્જાયેલા પૂરને કારણે 14,000 થી વધુ લોકો વિસ્થાપિત થયા છે. અધિકારીઓ અને રાજ્ય સંચાલિત મીડિયાએ જણાવ્યું છે કે પૂરને કારણે દેશના સૌથી મોટા શહેરોને જોડતી રેલ લાઇન પરનો ટ્રાફિક ખોરવાઈ ગયો છે.

સરકારી ટેલિવિઝને અહેવાલ આપ્યો છે કે યાંગોનથી લગભગ 68 કિલોમીટર ઉત્તરપૂર્વમાં આવેલા બાગો ટાઉનશીપમાં વિસ્થાપિત લોકો 36 રાહત શિબિરોમાં આશ્રય લઈ રહ્યાં છે. તેમાં કહેવામાં આવ્યું છે કે મોન રાજ્યના ટાઉનશીપમાં લગભગ 1 ,000 વધુ લોકોએ ત્રણ રાહત શિબિરોમાં આશ્રય લીધો છે. ગયા અઠવાડિયે શરૂ થયેલા બાગો પ્રદેશમાં સતત વરસાદને કારણે તેની રાજધાની બાગો ટાઉનશિપના નીચાણવાળા વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે.